## સદ્ભાવના ગ્રુપ દ્વારા ભાદરવી પૂનમના મેળા બાદ મહાસ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

અંબાજીના ભાદરવી પૂનમના મેળા બાદ જ્યાં સેવા કેમ્પો લાગેલા હોય છે અને છેક અંબાજી સુધી રોડની બન્ને બાજુ કચરાના ઢગ લાગેલા જોવા મળે છે અને એમાં પણ ખાસ કરીને પ્લાસ્ટિક કે જે પર્યાવરણ માટે ખુબ મોટુ નુકશાનકારક છે. પ્લાસ્ટિક માટે એવું કહેવામાં આવે છે કે જ્યાં જમીનમાં પડેલું હોય છે અને તે ચોટે છે ત્યાં કોઈ જ છોડ ઉગી શકશો નથી.

સદ્ભાવના ગ્રુપ પાલનપુર દ્વારા આ કચરાને અને ખાસ કરીને પ્લાસ્ટિકને હટાવવા માટે સોશિયલ મીડિયા પર અપીલ કરવામાં આવી અને ૧૭-૯-ના રોજ પ્રધાનમંત્રીના જન્મદિન સેવાદિન નિમિત્તે ખાસ મહાસ્વચ્છતા અભિયાનનું જલોત્રાથી અંબાજી અને અંબાજી મુકામે ગબ્બર પર આયોજન કરવામાં આવ્યું જેમાં જિલ્લા પોલીસ વિભાગના સહયોગથી સવારે ૮ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી અંદાજે ૩૦૦ યુવાનો તેમજ માનવ મહેરામણ અનેક સેવાભાવી સંસ્થાઓ સરકારી અધિકારીઓ, કલેક્ટર જૈનુ દિવાન, જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, સદ્ભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરી, જે.બી. દેસાઈ, સાયન્સ કોમર્સના પ્રિન્સિપાલ યોગેસ ડબગર, એસ.એમ. જેસવાલ, આજુબાજુના ગામડાઓના સરપંચો પણ જોડાયા.

# હિંમતનગર ખાતે પાટીદાર સમાજ દ્વારા પ્રફુલ્લ પટેલનો સન્માન સમારંભ યોજાયો

હિંમતનગર, તા. ૧૮

પાટીદાર સમાજ વર્ષોથી અન્ય સમાજ પાસે લેવાના બદલે આપવાની જે ભાવના રાખી છે અને દુનિયામાં કોઈ પણ ક્ષેત્રે આગળ વધવા માટે પરિવર્તનનો શિકાર બનીને જે



સિદ્ધિઓ હાંસલ કરી છે તે પરિવર્તનને આભારી છે. એમ રવિવારે હિંમતનગરની મેડીકલ કોલેજ ગ્રાઉન્ડ ખાતે સાબરકાંઠા જિલ્લા સમસ્ત પાટીદાર સમાજ દ્વારા યોજાયેલ અભિવાદન સમારોહમાં બોલતા દીવ-દમણના એડમિનીસ્ટેટર પ્રફુલ પટેલે જણાવ્યું હતું.

પાટીદાર સમાજ સખ્ત મહેનત કરીને બીજાને જીવાડતો હતો. પણ વિકાસ ઝંખતા પાટીદાર સમાજે નિષ્ઠા અને પરિશ્રમની સીડી બનાવી પરિવર્તનનો શિકાર કરી જે આગેકુચ કરી છે તે દેખાઈ રહ્યું છે. શિક્ષણ, સહકાર, ઉદ્યોગ, રાજનીતિ સહીતના અન્ય ક્ષેત્રોમાં આજે પાટીદાર સમાજનો જે દબદબો છે તે પરિવર્તનને આભારી છે. એટલુ જ નહિ પણ સ્વામીનારાયણ સંપ્રદાયના એવા શિરોમણી બાપા પણ પટેલ હતા. તે જણાવી તે સુચવેલા પંથની પ્રસંશા કરી હતી.

સાથોસાથ તેમણે સાબરકાંઠાના તમામ પાટીદાર ઘટકોને એક સંપ થઈને વિકાસની દોડમાં અન્ય સમાજોને સાથે રાખી પરિવર્તનના પવનમાં આગળ વધવા અનુરોધ કર્યો હતો. તેમજ આજની યુવા પેઢીને પણ એવો સંદેશો આપ્યો હતો કે જીવનમાં આગળ વધવા માટે સખ્ત પરિશ્રમ કરજો. પાટીદારોએ અનેક ક્ષેત્રે જે ટોચની સિદ્ધિઓ મેળવી છે તેની પાછળનું મુખ્ય કારણ નિષ્ઠા, સ્વભાવ અને પરિશ્રમ હોવાનું જણાવીને ઉમેર્યું હતું કે ભૂતકાળમાં આપણા વડવાઓએ જે ભાવના રાખતા હતા તે ચોર ખાય, મોર ખાય, ઢોર ખાય, બાકી વધે એ ઘેર જાય તેના કારણે આજે પાટીદાર સમાજે આજે દેશ અને દુનિયામાં ડંકો વગાડ્યો છે તે નિર્વિવાદ છે. આ સત્કાર સમારંભમાં ચૌધરી પટેલ, લેઉવા પટેલ, કડવા પટેલ અને કચ્છી પટેલ સહીતના ચોવીસ સમાજના પ્રમુખો એક મંચ પર દીવ-દમણના એડમિનીસ્ટેટર પ્રફુલ પટેલનું અભિવાદન કરી હાલના ચાલી રહેલા પાટીદાર અનામતના વિરોધ વચ્ચે ગુજરાતમાં એક સફળ કાર્યક્રમ યોજાયો હતો.

આ ઉપરાંત મેડીકલ કોલેજના ડીન દીપક સી. મહેતા, સિવિલ સર્જન ડૉ. જયંત ઉપેરીયાએ પણ પ્રફુલ પટેલનું સન્માન કર્યુ હતુ. આ અભિવાદન સમારોહમાં સમસ્ત પાટીદાર સમાજના કન્વીનર અને તેમની ટીમના કેતન પટેલ, નલીન પટેલ (સરપંચ), રાકેશ પટેલ, નલીન પટેલ (યામાહા), કમલેશ પટેલ, યોગેશ પટેલ, ચિરાગ પટેલ, હર્ષદ પટેલ, જયેશ પટેલ, વિષ્ણુ પટેલ, સંજય પટેલ, ગણપતભાઈ પટેલ સહીતના યુવાનોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.



## પાલનપુર શહેરના વોર્ડ નં.૨ના વિસ્તારમાં ચૂંટાયેલા નગર સેવકો અને સ્થાનિક નાગરિકો દ્વારા કરાઈ સફાઈ ઝુંબેશ

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પાલનપુર શહેર ના વોર્ડ નં. ૨ ના વિસ્તાર માં ચૂંટાયેલા નગર સેવકો એ સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના જન્મદિવસ ની ઉજવણી ના ભાગરૂપે પાલનપુર શહેર ના વોર્ડ નં. ૨ વિસ્તાર માં આવેલ બેન્ક સોસાયટી ,કલ્યાણ સોસાયટી ,કોલેજ કમ્પાઉન્ડ માં નગરસેવકો અને સ્થાનિક લોકોએ હાથમાં ઝાડુ લઈ પોતાના વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધર્યું હતું .આ સફાઈ અભિયાન માં નગરસેવક જયંતીલાલ પઢીયાર ,કુસુમબેન રાવલ ,વિપુલ રાવલ તેમજ ભાજપ મહિલા અગ્રણી કુમુદબેન જોશી વોર્ડ નં. ૨ ના પ્રમુખ પ્રશાંત ગોહિલ સહીત સ્થાનિક લોકો પણ જોડાયા હતા.

# નશાબંધીનો અમલ કરવામાં અરવલ્લી જિલ્લાનું પોલીસતંત્ર ઉંઘતુ ઝડપાયું

અરવલ્લી, તા. ૧૮

રાજ્યભરમાં નશાબંધીના કડક અમલ માટે પોલીસતંત્રની જવાબદારી હોવા છતાં 'હપ્તા બડા પહેલવાન' હોય તેમ અન્ય રાજ્યોમાંથી વિદેશી દારૂ ઠલવાતો હોવાની અનેક ફરિયાદો થતી હોવા છતાં પોલીસતંત્ર કુંભકર્ણની નિંદ્રામાં પોઢતું હતુ. પરંતુ સુરતમાં સર્જાયેલ લઠ્ઠાકાંડે ગૃહવિભાગને શરમજનક સ્થિતિમાં મુકી દીધા હતા અને પોલીસતંત્રને કડક પગલાં ભરવા મજબૂર બનવું પડ્યું હતું. છતાં અરવલ્લી જિલ્લાનું પોલીસતંત્ર સરકારના આદેશને અવગણતું હોય તેમ રાજસ્થાન જેવા રાજ્યોમાંથી બે રોકટોક હેરાફેરી થવા દેતું હતુ. ત્યારે રાજ્યની સીઆઈડી ક્રાઈમની ટીમના પી.આઈ. એસ.બી. કુપાવત અને તેમના સ્ટાફ ડી.જી. પી.પી. પાંડેની સૂચનાથી અને સીધા માર્ગદર્શન હેઠળ શામળાજી ખાતે નાકાબંધી કરી દઈ અંદાજે ૨.૩૪ કરોડના દારૂને ઝડપી લીધો હતો. ત્યારે સ્થાનિક પોલીસતંત્ર ઉંઘતુ ઝડપાયું હતું. સ્થાનિક પોલીસતંત્રની નિષ્ફળતાને ઢાંકવા એક પી.આઈ.અને શામળાજીના પો.સ.ઈ. સામે શિક્ષાત્મક પગલાં ભરી સંતોષ માન્યો છે. પરંતુ ઉચ્ચ અધિકારીઓ તો સલામત રહ્યા છે. સુરતમાં સર્જાયેલ જીવલેણ લઠ્ઠાકાંડનું અરવલ્લી જિલ્લામાં પુનરાવર્તન થાય તે પહેલાં ધનસુરા, બાયડ, મોડાસાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ પર અંકુશ મુકવો જરૂરી છે. આ અંગે ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂની બદીને નાબૂદ કરવા અરવલ્લી જિલ્લાના ક્ષત્રિય વિસ્તારનું યુવાધન દેશી દારૂના રવાડે ચડીને બરબાદ થઈ રહ્યું છે. ત્યારે પોલીસતંત્ર પોતાની ફરજ પ્રત્યે બેદરકારી દાખવી રહ્યું છે. અને દુર્ઘટના સર્જાયા પછી દોડધામ સક્રિય થાય તેવી માગણી તેમણે મીડીયા દ્વારા સરકાર સમક્ષ કરી હતી. ગ્રામ્ય વિસ્તારોની દેશી દારૂની ભઠ્ઠીઓમાં તૈયાર થતો દેશી દારૂ એ જીવલેણ હોવાનું માનવામાં આવે છે. કેમ કે તેમાં અખાદ્ય ગોળ ઉપરાંત રાસાયણિક ખાતરોથી લઈ અનેક પ્રકારની પ્રતિબંધિત ચીજવસ્તુઓનો સડો વાપરવામાં આવે છે. ક્ષત્રિય સમાજના અગ્રણીઓએ સમાજના હીતને ધ્યાનમાં રાખી ગ્રામ્ય સમાજના યુવાધનને બરબાદીમાંથી બચાવાવ પોલીસતંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારના દેશી દારૂના અડ્ડા તાત્કાલીક ધોરણે બંધ કરાવાય તેવી માંગણી કરી રહ્યા છે.

# ભારતના પ્રધાનમંત્રીના જન્મદિવસે વડનગર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

મહેસાણા, તા. ૧૭

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૭ મા જન્મદિવસે તેમના વતન વડનગર ખાતે સર્વોદય સેવા ટ્રસ્ટ અમદાવાદ અને વિસામો વૃધ્ધાશ્રમ દ્વારા



વડનગર ખાતે મેગા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ સર્વરોગ નિદાન કેમ્પમાં અંદાજીત પાંચ હજાર દર્દીઓએ હૃદયરોગ, કીડની રોગ, હાડકાં,સ્ત્રીરોગ, કેન્સરના રોગો, બાળકોના રોગો, ડાયાબીટીસ, દાંતના રોગો, ચામડીના રોગોનું નિદાન કરી સારવાર મેળવી હતી

સંસદિય સચિવ ભરતસિંહ ડાભીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વડનગરની ઓળખને દેશ અને દુનિયામાં બતાવી છે. વડનગરની આજે કાયાપલટ બની છે. મેડીકલ કોલેજ, જવાહર નવોદય વિધાલય સહિતની સુખાકારી સગવડો વડનગરના આંગણે ઉભી થઈ છે. સામાજિક અગ્રણી સોમાભાઈ મોદીનું ટ્રસ્ટ દ્વારા આ પ્રકારની સેવાઓ કરીને ખરા અર્થમાં લોકોનો વિશ્વાસ સંપાદિત કર્યો છે.

ધારાસભ્ય નારાયણભાઈ પટેલે જણાવ્યું હતું કે વડનગર મેડીકલ કોલેજમા નવીન સુવિધાઓ થકી સંશોધન પણ થવાનુ છે. સર્વરોગ નિદાન કેમ્પ યોજીને દેશના વડાપ્રધાનને જન્મદિવસની ભેટ આપી છે.

જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રીના જન્મદિવસે જિલ્લાના પાંચ તાલુકાના દર્દીઓને માટે નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. આ નિદાન કેમ્પમાં ૫૦થી વધુ દાકતરો દ્વારા સેવા અપાઈ રહી છે. કલેકટરે ચિકિત્સા પ્રધ્ધતિ વિશે ભારત દેશની પ્રગતિ તેમજ જુની ચિકિત્શા પ્રધ્ધતિ વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમમાં સામાજિક કાર્યકર સોમભાઈ મોદીએ જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે લોકસેવાનું કાર્ય કરી જન્મદિવસની ભેટ આપી છે. જી.એમ.ઈ.આર.એસ,ગુજરાત સરકાર અને સર્વોદય સેવા ટ્રસ્ટના સહયોગથી આવા અનોખા નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. આ હોસ્પિટલ દ્વારા નિયત સમયે અન્ય કેમ્પોનું પણ આયોજન થઈ રહ્યું છે. ૦૭ ઓગષ્ટના રોજ બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવ્યો હતો. ઉત્તર ગુજરાતની આ મેડીકલ કોલેજમાં ૭૦૦ કરોડનું રોકાણ થવાનું છે. જેનો લાભ જાહેર જનતાને મળવાનો છે.,

મહારાષ્ટ્રના માજી સાંસદ ભાઉ સાહેબ,નર્મદા નિગમના ડિરેકટર વી.એસ.રાવલે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

કાર્યક્રમમાં રાજપાલ ઓ.પી. કોહલી, વિધાનસભાના અધ્યક્ષ રમણલાલા વોરા, આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના કાર્યક્રમની સફળતાના શુભેચ્છા સંદેશનું વાંચન કરાયું હતું.

સર્વોદય સેવા ટ્રસ્ટ દ્વારા ૨૦૦૧માં વિસામો વૃધ્ધાશ્રમ, ખેડુત શિબીર, વનમહોત્સવ, દંત રોગ નિદાન સારવાર કેમ્પ, ફીઝીયોથેરાપી સેન્ટર, વ્યસન મુક્તિ કેમ્પ સહિતની વિવિધ લોકસેવાના કાર્યો કર્યા છે.

## ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા મહેસાણા ખાતે રાજ્યકક્ષાનો પરિસંવાદ

મહેસાણા શહેરમાં ૮ ઓક્ટોબર-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ગુજરાત સાહિત્ય અકાદમી, સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, સ્વામી વિવેકાનંદ સર્વોદય એજ્યુકેશન કોલેજ મહેસાણના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાના પરિસંવાદનું આયોજન કરાયું છે. આ પરિસંવાદમાં ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરી સાહિત્ય પ્રતિભા રાખવામાં આવેલ છે.



મેઘરજ તાલુકામાં બાળ મજુરી નાબુદી અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં હરિ ઓમ વિદ્યાલય શાળાના બાળકો તથા શાળાના શિક્ષકો તેમજ બાળ સુરક્ષા એકમના કર્મચારી દ્વારા રેલી યોજવામાં આવેલ. જેમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી તથા હરિ ઓમ વિદ્યાલયના મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. બાળકોને બાળમજુરી અને બાળકોના અધિકાર વિશે સમજણ અપાઈ હતી તથા મેઘરજ તાલુકાની જનતા અને બાળકો બાળ મજુરી વિશે જાગ્રત થાય તે અર્થે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સુપ્રસિદ્ધ શામળાજી પૂનમના લોકમેળામાં ભક્તનો માનવ મહેરામણ

શામળાજી, તા. ૧૮

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાસ્થાન શામળાજીમાં ભાદરવી પૂનમે ખોબવેલા ભાતીગળ લોકમેળામાં દૂર દૂરથી પગપાળા અને વાહનોમાં જય રણછોડના જયઘોષ સાથે શામળીયા ભગવાન - કાળીયા



ઠાકરના દર્શનાર્થે ઉમટી પડી હતી. મા ના દર્શને જતા માઈભક્તો વળતા શામળાજી મંદિરે શીશ નમાવી પરત જતા હતા. શામળીયા ભગવાનના દર્શન કરી શ્રદ્ધાળુઓ ધન્ય બની ભાવવિભોર બની જતા હતા.

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ અંતરિયાળ વિસ્તારો તથા મોડાસા, ભિલોડા, બાયડ, મેઘરજ, માલપુર, લુણાવાડા સુધીથી ચૌદશે સાંજથી મોડીરાત સુધી પગપાળા ચાલીને વહેલી સવારે પહોંચતા ભક્તો શામળીયા ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવતા જણાતા હતા. અરવલ્લી જિલ્લાના અને નીચાળ માર્ગે રાત્રી દરમ્યાન હડકેઠઠ ભીડથી ઉભરાતા હતા. મોટી ઈસરોલના માર્ગ પર બસસ્ટેન્ડ વિસ્તારમાં સત્રીય ઠાકોર સેનાના યુવકો દ્વારા સેવાકેમ્પ યોજી પદયાત્રીઓની ખડેપગે સેવા કરી હતી. પૂનમના દિવસ શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ ચાલ્યો હતો. કાળીયા ઠાકરના દર્શન કરી ભાવવિભોર બનતા હતા.

# મહેસાણા ખાતે જીપીસીબીની પ્રાદેશિક કચેરી દ્વારા ઓઝોન દિન ઉજવાયો

મહેસાણા, તા. ૧૮

આંતરરાષ્ટ્રીય ઓઝોન દિન નિમિત્તે જીપીસીપીની પ્રાદેશિક કચેરી-મહેસાણા અને ટોરન્ટ ફાર્મા એકમના સંયુક્ત ઉપક્રમે મહેસાણા જિલ્લાના ઈન્દ્રાડ ખાતે ઓઝોન અને ક્લાયમેટ થીમ વિષયક કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મહેસાણા પ્રાદેશિક અધિકારી જે.ડી. પ્રિયદર્શીએ ઓઝોન પડનું મહત્વ અને ક્લાયમેટ બાબતે રસપ્રદ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. ટોરન્ટ ફાર્માના મેનેજર આશિષ જાનીએ સદર એકમ દ્વારા પર્યાવરણની જાળવણી માટે વિશાળ પાયે વૃક્ષવર્ધન સહિતની વિગતો આપી હતી. ઓઝોન અને ક્લાયમેટના સંદર્ભમાં વિષય તજજ્ઞ તરીકે ગાંધીનગરના નરેશ ઠાકરે ઓઝોનથી ક્લાયમેટ બાબતોની સ્થાનિક સ્તરે અસરો ખાળવા સૌના સહયોગ સાથોસાથ જીવન રક્ષક દવાઓના વ્યવસાય સાથે જોડાયેલ ફાર્માસિસ્ટ સમક્ષ ઓઝોનની આડઅસરોથી થતા રોગોના પડકારને ઝીલી ક્લાયમેટ ચેન્જની વિપરીત અસરો સામે નવા સંશોધનો માટે પગલાં લેવા સમયની જરૂરીયાત સમજાવી હતી. ઉપસ્થિત સૌને ઓછામાં ઓછા પાંચ સૂચનો લખીને મોકલવા માટેના સૂચનને સૌએ સ્વીકાર્યું હતું. જે.ડી. પ્રિયદર્શીએ સૌને પર્યાવરણની જાળવણી માટે કટિબદ્ધ થવા સોગંદ લેવડાવ્યા હતા. ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયેલ નરેશ ઠાકર લિખિત ઓઝોનદિન પ્રસંગોચિત વિસ્તૃત લેખ 'ઓઝોન અને ક્લાયમેટ : વિશ્વએ હાથ મિલાવી નવપલ્લવિત કર્યુ'ની પ્રત સૌને વહેંચી હતી. ટોરન્ટના ઘનશ્યામ વાઢેર તથા પ્રાદેશ કચેરી મહેસાણાના મદદનીશ પર્યાવરણ ઈજનેર ભૂપેન્દ્રભાઈ નાયી અને મયૂરીબેન પરમારે આ સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યું હતું.



## દલપુર જોગણી માતાના મંદિરનો પ્રથમ પાટોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ પર આવેલ દલપુર કાટવાડ મધ્યમાં આવેલ પૌરાણિક મંદિર ફુલ જોગણી માતાજીનો પ્રથમ પાટોત્સવ અને મંદિરના જીર્ણોદ્ધાર નિમિત્તે પંચકુંડી હવન પૂજા અર્ચનના કાર્યક્રમો યોજવમાં આવ્યા હતા જેમાં દલપુર સહિત આજુબાજુના ગામોમાંથી ધર્મ પ્રેમી લોકોએ દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. દલપુર જોગણી માતાના મહંત ચંદ્રમાગીરીજી મહારાજ ગીરનારી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પંચકુંડી હવન અને મંદિર સંકુલમાં બનાવેલ ભવ્ય પ્રતિમા દેવાધિદેવ - આત્મ લીંગ મહાદેવની વિશાળ મૂર્તિની પણ પૂજા અર્ચના કરવામાં આવી હતી ત્યારે દલપુર સહિત આજુબાજુમાંથી અસંખ્ય માઈ ભકતોએ ઉપસ્થિત રહીને દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી જયારે ધર્મેન્દ્રસિંહ રાજપૂત, મહેન્દ્રસિંહ શેખાવત સહિત મંદિર વ્યવસ્થાપક કમિટી દ્વારા સેવા પુરી પાડવામાં આવી હતી.

## મહેસાણા જિલ્લા કક્ષાનો બાળ મજુરી પ્રથા નાબુદી અભિયાન કાર્યક્રમ યોજાશે

રાજ્ય વ્યાપી બાળ મજુરી પ્રથા નાબુદી અભિયાન અંતર્ગત મહેસાણા જિલ્લામાં જિલ્લા કક્ષાનો સેમીનાર ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ બપોરે ૩ કલાકે મહેસાણા ઈન્ડ, કોમ્યુનિટી હોલ, એફ.સી.આઈ.ગોડાઉન પાછળ જી. આઈ.ડી.સી ફેજ-૧ મહેસાણા ખાતે યોજાશે. શ્રમ-રોજગાર વિભાગ દ્વારા ૨૯ ઓગષ્ટથી ૨૮ સપ્ટેમ્બર રાજ્યવ્યાપી બાળમજુરી નાબૂદી પ્રથા અંગે જનજાગૃતિ ઝુંબેશનું આયોજન કરાયું છે. શ્રમઆયુક્ત દ્વારા સોમવારે યોજાનાર સેમીનાર વર્કશોપમાં જિલ્લાના પ્રભારી મંત્રી તેમજ શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર, સાંસદશ્રી, જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્યો ઉપસ્થિત રહેનાર છે.

# પાલનપુરના અગ્રણી ઉદ્યોગપતિ કે.એન.શાહનું દુ:ખદ અવસાન



પાલનપુર, તા.૧૮

પાલનપુરના સેવાભાવી અગ્રણી, એરોમાના ચેરમેન અને ઉદ્યોગપતિ કે. એન. શાહ ગત મોડી રાત્રે પાલનપુર ખાતે તેમના નિવાસસ્થાને ૭૦ વર્ષની જેફ વયે આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. સદગત કે. એન. શાહે પાલનપુર અને જીલ્લાના અનેક વિસ્તારોમાં લોકોપયોગી અનેક સેવા કાર્યો કર્યા હતા. પાલનપુર લાયન્સ ક્લબ સાથે પણ તેઓ જોડાયેલા હતા.

જૈન ધર્મ ના હોવા છતાં નાત - જાતના ભેદભાવ વગર અનેક જરૂરિયાતમંદોની વ્હારે રહેતા હતા તેમના અવસાનથી તેમના પરિવાર અને શહેરીજનોમાં આઘાતની લાગણી પ્રસરી જવા પામી હતી. તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૬ ના રોજ તેમના નિવાસસ્થાન કલ્યાણ સોસાયટી માનસરોવર રોડ ખાતે સવારે પ્રાથના સભાનું આયોજન કરાયું છે.